અ....નુ....ક્ર....મ

જ્ઞાનદાનની ગંગા

રૂપિયા	દાતા
૨૫૦-૦૦	શ્રી સાત રસ્તા જૈન સંઘ: મુંબઇ
૨૫૦-૦૦	સોનબાઈ દેવરાજ ઘેલાભાઇ [કોડાય: કચ્છ]
૨૫૦-૦૦	વેલબાઈ વીરજી [બિદડા: કચ્છ]
૨૫૦-૦૦	મકાબાઈ કાનજી દેવસી [નાગલપુર: કચ્છ]
૨૫૦-૦૦	રવજી વિજપાળ ગાલા [રાયણ: કચ્છ]
૨૫૦-૦૦	સ્વ. ડો. ભાણજી ઉમરશી ગડા [ભોજાય: કચ્છ]
૨૫૦-૦૦	શ્રી શિવજી સુંદરજી [બાડા: કચ્છ]
૨૦૧-૦૦	પાનીબાઈ મૂળચંદજી સંઘવી [નાડલાઈ· રાજસ્થાન]



આત્મ સંવેદન

સાચું શરણું :

તમારા જીવનમાં શું ક્યારેય કોઈ મુંઝવણ નથી આવી? આપત્તિ નથી આવી? તમે તમારી મુઝવણ કે આપત્તિને દૂર કરવા સ્વયં અસમર્થ બન્યા ત્યારે તમે કોની પાસે ગયા? કોનું શરણ લીધું?

શું તમે ક્યારેય દુઃખ—આપત્તિની મુંઝવણમાં જિનેશ્વર દેવનું શરણ લીધું ? તમારા હૃદયમાં શું એ દૃઢ નિશ્ચય શ્રદ્ધા છે કે શ્રી જિનેશ્વર ભગવંત જ આ જગતમાં સાચું શરણ છે? એમના સિવાય આ જગતમાં કોઈ જ સાચું શરણ આપી શકનાર નથી?

ભાગ્યવત! ભૂલા ન ભમો.

કલ્પવૃક્ષને ત્યજીને બાવળના શરણે જવાની મૂર્ખતા ન કરો.

નિર્ણય કરો: પરમ કૃપાળુ પરમાત્મા સિવાય હું કોઈનું ય શરણ લેનાર નથી. .એ જ શરણ છે. .

હું શરણાગત!

अरिहंते सरणं पवज्जामि
सिद्धे सरणं पवज्जामि
साहू सरणं पवज्जामि
केवलिपन्नत्तं धम्मं सरणं पवज्जामि ॥

રોજ પ્રભાતે અને રાત્રે સુતી વખતે આ પ્રમાણે શરણ સ્વીકારની પ્રતિજ્ઞા કરો. "હું પરમાત્માનો શરણાગત છું" આ ભાવ પરમાત્મા પ્રત્યે દૃઢ અનુરાગ જન્માવશે પછી સંસારનો રાગ મોળો પડી જશે. જેમ જેમ પરમાત્મા પ્રત્યે રાગ વધતો જશે તેમ તેમ વિષયસુખમાંથી રાગ નિવૃત્ત થવા લાગશે.

આ જન્મ જરા મૃત્યુથી ભયંકર સંસારમાં પરમાત્મા સિવાય આપણા આત્માને કોણ બચાવી શકનાર છે? એ જ શરણ છે. એ જ તારક એ જ બોધક..

આત્મ સંવેદન

હું શું કરું ?

હે પરમ પિતા પરમ કૃપાનાથ!

અનાદિ કાળથી સંસારમાં રખડતો ભટકતો હું આપના શરણે આવ્યો છું નાથ! મારા પર એક દૃષ્ટિ કરો.. પ્રભુ, કરુણાની, મારા દેવ! હું આપનું શરણ અંગીકાર કરું છું આપના ચરણે મારું સર્વસ્વ અર્પણ કરી દઉં છું.. આપ મારો સ્વીકાર કરો..

હવે મારે આપનું જ શરણ છે આપના સિવાય, આપને છોડીને હું ક્યાંય જવાનો નથી મારા આત્માની તમામ જવાબદારી હું આપને સોંપું છું ..

આપ જ્યો મારા સ્વામી ! હવે હું શું કરું! આપ જ પ્રકાશ કરનારા છો

મારી મૂર્ખતા

હે અનંતજ્ઞાની નાથ!

આજ દિન સુધી મેં મારી કલ્પનાના પુલ રચી આપની પ્રાર્થના કરી? કરી મારી મૂર્ખતા.. ..

મારી ઇચ્છા મારા દિલમાં છે કે દિલમાં અનું તાજ મન માન નથી.. હું અજ્ઞાની છું અને મારી ઇચ્છાને તાબે થઈ મેં આપને આરોપ કર્યો.

નાથ! મારી આ ભૂલની ક્ષમા આપજો હે કૃપાનિધિ આપ અંતર્યામી છો. મારું દિલ તો આપ જાણો છો જેમાં મારું દિલ હાથ, તમે જ મારા વિધિવિધાન કરી દીધાં જે વ્યક્તિના જે પદાર્થના સંયોગ મારા જીવનમાં લખ્યા તેના મારાથી વિયોગ કરાવે આ પછી આમાં હું શું કરું

હે દયાળુ મેં મારી કોઈ ઇચ્છા રાખી નથી રાખવી પણ નથી.. મારું સંપૂર્ણ સમર્પણ આપના ચરણે કર્યું છે

આત્મ સંવેદન

દર્શન આપો :

હે વાત્સલ્યનિધિ વીતરાગદેવ!

મારે આપનું ધ્યાન ધરવું જોઈએ એ વાત સાચી. પરંતુ હું આપનું ધ્યાન કેવી રીતે ધરું? આપનું સ્મરણ કેવી રીતે કરું?

એકવાર પણ અનુભવમાં આવેલા આત્માનું સ્મરણ થઈ શકે.. આપનું ધ્યાન કેવી રીતે ધરું? નાથ! એકવાર દર્શન આપો! પછી જો હું આપને ભૂલી જાઉં, તો આપ મને શિક્ષા કરજો. દેવોનાં રૂપ કરતાં પણ આપનું રૂપ અનંતગુણ છે! એવું રૂપ જોયા પછી જરૂર હું જગતને ભૂલી જઈશ.

આપ કદાચ કહેશો 'મારી મૂર્તિનું ધ્યાન ધર.' ધ્યાન પણ કેવી રીતે કરવું? કારણ કે એ સૌંદર્ય કરતાં જગતમાં બીજા સૌંદર્ય ચઢીયાતા છે!

હું આપના શરણે આવેલો છું.. આપ દર્શન આપો...

દયા કરો! કરુણા કરો! મારા આત્માનો ઉદ્ધાર કરો! મારા આત્માને પવિત્ર બનાવો!

મારી તો આપના પાસે એક જ પ્રાર્થના છે 'આપ મને દર્શન આપો, એકવાર દર્શન આપો.'

આત્મ સંવેદન

પ્રહાર કર!

હે દયેશ્વર!

જો તારે મળવું જ ન હોય તો તું આજે જ મને કહી દે? હું તને નહિ મળી શકું...

કારણ કે તું નહિ મળે એની શંકા સતત મને સતાવ્યા કરે છે. જગત મારી શંકાને દૃઢ કરે છે: "વર્ષોથી નામ એની પાછળ ભમીએ છીએ "એ નથી મળ્યા તો તને ક્યાંથી મળશે?"

પણ છતાંય "ક્યાંક તું મળી જાય તો?" એવી સંભાવનાને હૃદયમાં સંઘરીને હું તને શોધી રહ્યો છું. શોધવામાં મને આનંદ આવે છે. પરંતુ તું એમ કહી દે "હું તને નહિ મળું" તોય એ પ્રભુની વંદના સંવારમાં મન શાંતિ અનુભવશે.

નાથ! પ્રહાર પણ તું મળવા ઇચ્છા જ દર્પે આપશે
પ્રેમને આદરના ભાવ, પ્રભુ! કહે મારા નાથ!
કહી દે "હું તને નહિ મળું"

卐

પરિતોષ

મારા મનનાથ!

મેં તને અનંત આકાશના કોઈ ખૂણાના પ્રદેશમાં શોધ્યો. ચારે દિશામાં આવૃત્ત ગિરિગુફાઓમાં તારી શોધ કરી. જગતભૂમિની મંદિરોના ધૂપમઘમઘાયમાન વાતાવરણમાં તને જોવા પ્રયત્ન કર્યા. નદી-નદી સાગર... ક્યાંય ન મળ્યા. હું પાછો વળ્યો અને... થાકી ગયું હતું.

તારાઓની વાસનાઓના સુમધુર સંગીતના ગીત... ઝગમગતા ચિત્રમયોનું આકાશ ઉજ્જવળ પણ ઝાંખું લાગ્યું હતું. મેં મારી નાનકડી કુટિરનાં દ્વાર ખોલ્યાં. દિવાલમાંથી મેં નાનકડો ઝાંખો દીપક જોયો.

મારી દૃષ્ટિ કુટિરના ખૂણામાં પડી, આહ!

મારા નાથ તમે અહીં! તમને કોઈ શું શોધી ન શક્યા? મેં તમને ઓળખ્યા! તમારી સાથ બોલવાના શબ્દો ન જ રહ્યા! હું સ્તબ્ધ બનીને જોઈ જ રહ્યો...

એક આચમન :

હે કૃપાસાગર દેવાધિદેવ !

મારા હૃદય મંદિરમાં મેં આપની પ્રતિષ્ઠા કરી છે. પરંતુ... મારું મંદિર.. હું પવિત્ર રાખી શકતો નથી... એમાં કચરાના ઢગ જામી ગયા છે

પૂજનની સામગ્રી વેરણ-છેરણ થઈ ગઈ છે છતાં ય મારે આપનું પૂજન કરવું છે પૂજન માટે હું ઉત્સુક છું. પ્રભાતનો ઘંટારવ, ધૂપનો મઘમઘાટ. દીપકનો ઝળહળાટ મને આપની પાસે ખેંચી લાવે છે...

હું મૂંઝાઈ ગયો છું. આપ મારા પર પ્રસન્ન ન બનો તો? નારાજ બની જાઓ તો? એ કલ્પના મને ધ્રુજાવી મૂકે છે..હુ.. મારુ મન બેહોશ બની જાય છે.

કૃપાનાથ !

આપ મારી અશકિતને ક્ષમા આપજો. મને. .મારા હૈયામાં આપના પ્રત્યે પૂર્ણ પ્રેમ છે. ભકિત છે હુ આપની સેવા નથી કરી શકતો.. આપ મારા પાસેથી જેટલી અપેક્ષા રાખો છો, તે હું પૂર્ણ કરી શકતો નથી

આપ નારાજ ન થશો. કૃપા ઝંખતા બાળને આપના કૃપા સરવર-માંથી એકાદ આચમન કરવા દેશો?

આત્મ સંવેદન

બે માર્ગ

હે પરમ પિતા !

તારી પાસે આવવાના તે અનંત માર્ગો આવ્યા છે એવી રીતે તે માર્ગો જેવા બીજા ભ્રામક માર્ગો માયાએ મૂકેલા છે....

હું મુઝાયો છું શું હું તારા જ માર્ગે જાઉં છું? તે માર્ગ મને તારા સુધી પહોંચાડશે? પરંતુ મારું મન વિશ્વાસ ધારણ કરતું નથી ..

અંધારું થયું છે દીપ ઝાંખો છે.. તારા નગરના નામનિશાન જણાતા નથી. એક અંધ મનુષ્ય જેમ ચાલે મારી તેવી દશા છે.. નાથ, તારા અનંત રસ્તાઓ જાણવા શક્તિ નથી મારી સ્થૂળ બુદ્ધિથી સમજવા પ્રયત્ન કરું છું એટલું જ નહિ, તેમાં આ ક્ષુદ્ર સેતુ છું મારા તને અને જ સાચા માર્ગ સમજવા—સમજવાના પ્રયત્ન કરું છું આ પ્રવૃત્તિ જનાનુગમિત છે..

卐

તું જ ચાહજે !

મારા દેવ !

શાસ્ત્રકાર મને કહ્યું કે તું મહાન જ્યોત છે પણ બધા તને જોઈ શકતા નથી. ના આટલા બધા છૂપા રહેવાની શી જરૂર છે? જે તને ચાહે છે તેનાથી પણ તું છૂપો કેમ રહે છે?

તું અનંત સમૃદ્ધિશાળી છે પછી તને શાનો ભય? ના ! પ્રેમી તારી પાસે જે માગે તે તું આપી શકે એમ છે !

તું પ્રગટ થા

પરંતુ હું જ્યારે આવી પ્રાર્થના કરું છું ત્યારે જ્ઞાની પુરુષ મને કહે છે " ઈશ્વર મારી સામે પ્રગટ છે "

તો પછી તને જે પ્રિય છે તેને તું દર્શન આપે છે એમને? તને જે ચાહે છે તેને તું અધિર બનાવે છે ખરું ને —

તો પછી તને હું નહિ ચાહું ! તું જ મને ચાહજે હું તને જોઈ શકતો નથી, તું મને જોઈ રહ્યો છે. બસ મારા મન એજ ઘણું છે !

આત્મ સંવેદન

પરમાત્માની પ્રાપ્તિ :

કોઈ વાર અતિ તૃષામાં પાણી વિના ગુંગળામણ અનુભવી છે? કોઈ વાર અતિ તાપમાં પવન વિના ગુંગળામણ અનુભવી છે.? કોઈ વાર અતિ ક્ષુધામાં આહાર વિના તીવ્ર ગુંગળામણ અનુભવી છે?

પરમાત્મતત્વ વિના પરમાત્મતત્વની પ્રાપ્તિ વિના...આપણને તીવ્ર બેચેનીનો અનુભવ છે? જ્યારે આપણે પરમાત્મ-તત્વ વિના ક્ષણ-વાર પણ સુખચેન નહિ અનુભવીએ ત્યારે અલ્પ ક્ષણોમાં જ આપણને પરમાત્મતત્વની પ્રાપ્તિ થશે,

પરમાત્મતત્વની પ્રાપ્તિ સિવાય જ્યારે આપણને કોઈ જ ઝંખના નહિ રહે ત્યારે આપણે પરમાત્મતત્વની પ્રાપ્તિનો સખત પુરુષાર્થ કરી શકીશું.



પ્રીતિ :

હે દેવ! કૃપાનાથ! હુ આપની સાથે પ્રીતિનો સંબંધ બાંધી શકુ, એનો કોઈ ઉપાય મને બતાવો! વિશ્વ સાથેની સોપાધિક પ્રીતિથી વિરકત બનવું છે. તેવો ધન્ય દિવસ જોવા હું ચાહુ છુ!

હુ જાણું છું આપ વિશ્વથી પર છો હુ જયાં સુધી વિશ્વથી પર ન બનું ત્યાં સુધી મારો આપની સાથે સંબંધ થઈ શકે નહીં, જગતની પ્રીતિમાં ફસાયેલાને મુકત કરો! એ કામ આપનું નથી?

મારા પર પ્રીતિ કરનારને હું ચાહું છું. એ મને ચાહવાનો ડોળ કરે છે. હું એની કપટલીલા જાણી શકતો નથી. હુ એને મારું હૃદય આપી દઉં છું. મારા હૃદયના ટુકડા થઈ જાય છે.

મારા હૃદયેશ! પ્રાણેશ! મારી આવી કરુણ સ્થિતિ આપ જુઓ છો. જાણો છો. છતાં મારી ઉપેક્ષા કેમ કરો છો?

આપ મારા પર કામણ કરો હું આપનો બની જાઉં!...હુ આપને જ જોઉં. આપના સિવાય મને કંઈ જ ન દેખાય!

આત્મ, સંવેદન

પ્રેમનું [illegible]

હે જગદ્ગુરૂ!
તમે આપના ચરણે સર્વસ્વ ધરી દીધું છે! છતાં [illegible]
જ આપણ નથી કર્યું! ના ના હું તન મન [illegible]
મને સમજાયું કે પ્રેમની પગથારમાં મનુષ્ય [illegible]
માને છે કે મ [illegible] જ આપ્યું નથી [illegible]
પણ પળ નથી ભૂલ્યા ન થાઉં [illegible]
મ ધારાધાર આપ્યું!

હું શું આપુ ?

ત્રિલોકનાથ !

હું આપના દ્વારે યાચના માટે ખડો છું. હું આપની પાસે યાચના કરું છું. કારણ કે હું ભવની ગલીઓમાં રખડતા ભિખારી છું. હું યાચના કરું તેમાં ખોટું નથી...પરંતુ આ તો આશ્ચર્ય! આપ મારી પાસે યાચના કરો છો?

"भिक्षां देहि"

નાથ હું તો ભિખારી છું..

"भिक्षां देहि"

મારી પાસે કંઈ નથી...

"भिक्षां देहि"

હું મુંઝાઉં છું...હુ આપને શું આપું? ભિખારીના આંગણે ભીખ માંગવાની હોય? મને શરમાવો ના. હું યાચના કરું તેમાં હું શરમાતો નથી આપ જ્યારે યાચના કરો છો. ત્યારે શરમથી હું મરી પડું છું.

"भिक्षां देहि"

મેં આપવા માટે મારા ઘરમાં શોધવા માડયુ. એક ટૂકડો મળ્યો. પ્રેમનો ભકિતનો!

પ્રેમ સંવેદન

હુ આજે સનાથ

તમો અશુભ વિચારોથી મુક્તિ મેળવવી છે? ચિત્તમા અપૂર્વ અધ્યવસાયોની પ્રાપ્તિ કરવી છે? તો તમે પરમ કૃપાળુ જિનેશ્વર ભગવંતના શરણને સ્વીકારો

ભગવંતનુ શરણ સ્વીકારવું એટલે એમની આપણા માટેની આજ્ઞા એનુ પાલન કરવા બંધાઇ જવુ

"મારા નાથ... મારુ રક્ષણ કરનાર ત્રિભુવનનાથ છે હુ નિર્ભય છુ પાપ વિચારો... પાપ કર્મો મા... અહિત કરી શકવા સમર્થ નથી... હુ આજે સનાથ બન્યો છુ"

બસ, જ્યા કોઈ ક્રોધનો માનનો અને લોભનો વિચાર મનમા ઘુસવા જાય કે ભગવંતના નામનુ સ્મરણ કરવુ

આંખો બંધ કરીને એમના દર્શન સ્મૃતિમા લાવવા પેલા દુષ્ટ વિચારો ભાગવા લાગશે'

જરાય ચિંતા ન કરો આપણા માથે નાથ જગતના નાથ છે આપણ કોઈ વાતની કમીના નથી... પ્રભુ જ આપણને મળી ગયુ છે...

તને જોઈ રહેલ છે!

અનંત અનંત સિદ્ધ ભગવંતો તને પ્રતિસમય જોઈ રહ્યા છે, એ ધ્યાન રાખે છે ! એ તારી સામે જુએ છે અને તું જગતની સામે જુએ છે! કેવી ગંભીર ભૂલ થઈ રહી છે?

શ્રી સિમંધરસ્વામી વિગેરે વિચરતા તીર્થંકર ભગવંતો તને જોઈ રહ્યા છે. એ વિચાર પણ તને આવે છે?

જગતની સામે જોવાનું મોકુફ રાખ ભાઈ, અને તને જોઈ રહેલ પરમાત્મતત્વની સામે જો! એની સાથે સંબંધ જોડ

એ સંબંધ જોડવાથી તારામાં અચિંત્ય શકિતઓ જાગ્રત થશે. ...અને એ શકિતઓ દ્વારા તું અભેદભાવે એ પરમાત્મતત્વમા લીન થઈ જઈશ.



સાચી સગાઈ:

અરિહંત પરમાત્માની અચિંત્ય શકિતનો લાભ મેળવવા માટે આપણે પરમાત્મા સાથે કોઈ સાચી સગાઈ બાધવી જોઈએ આપણી સ્થૂળ બુદ્ધિના વિચારો મુજબ એમણે અનુસરવું જોઈએ તેવો આગ્રહ છોડી દેવો જોઈએ.

એ અનંત જ્ઞાની છે. અનંત શકિતશાળી છે, આપણી તમામ મુશ્કેલીથી તેઓ જ્ઞાત છે. આપણે બહુ ઉતાવળા થવાની જરૂર નથી. તે જે કરશે તે યોગ્ય જ કરશે. એવી શ્રદ્ધાથી એમની ઉપાસનામાં લાગી જવું જોઈએ.

આત્મ સંવેદન

તમને એ જોઈ રહ્યા છે

તમે એ પરમ પિતા તરફ તો દૃષ્ટિ કરો—એ પરમકૃપાળુ સદૈવ તમને જોઇ રહ્યા છે—તમે એમના તરફ નથી જોતા! તમે તો એમની તરફ જોઈ રહ્યા છો કે જે તમારી તરફ જોવા તૈયાર નથી!

જે કરુણાના સાગર—અનંત શક્તિનિધાન પરમાત્મા તમને પ્રતિ સમય જોઇ રહ્યા છે પછી તમને દુઃખ શાનું? અશાન્તિ શાની? જે બાળક માતાની દૃષ્ટિમાં છે તે બાળક જાણે છે કે મારી માતા મને જોઈ રહી છે પછી દુઃખ નથી અનુભવતું

તમે એ પરમ પિતા તરફ દૃષ્ટિ કરો—એને જોવા માટે દૃષ્ટિને સૂક્ષ્મ બનાવો. એને જોવા બાહ્ય જગતના ઝમઝાટમાંથી મુક્ત થાઓ આંખો બંધ કરીને સ્થિર બનો પછી એ પરમપિતાનું નામ લઈને પોકાર કરો, જ્યાં સુધી એના દર્શન ન થાય ત્યાં સુધી પોકાર ચાલુ રાખો અધીરા ન બનો એક વખત દર્શન થયા પછી ક્યારેય એ તમને છોડી જશે નહિ.

સાધનાની ચાવી :

ના કરવી છે, તો તારું ચિત્ત સ્વચ્છ અને સ્વસ્થ જોઇએ કારણ કે સાધનાના કેન્દ્રસ્થાને પરમાત્મ-તત્વ છે. એ પરમાત્મ તત્વનું પ્રતિબિંબ આપણા ચિત્તમાં પડે, ત્યારે જ સાધનાના માર્ગે ગતિ થઈ શકે.

મલિન અને અસ્વસ્થ ચિત્તમાં એ પરમાત્મ-તત્વનું પ્રતિબિંબ કેવુ પડશે? ડહોળાયેલા પાણીમાં તમારું મોઢું જરા જુઓ તો!

એ ચિત્તનું સ્વસ્થપણું લાવવા માટે પરમાત્મ-તત્વ પર શંકા વિનાની શ્રદ્ધા સ્થાપિત કરવી પડશે. શ્રદ્ધા વગર ચિત્તસ્વસ્થતા પ્રાપ્ત થઈ શકતી જ નથી!

卐

તું સાધક!

તારા હૃદયમાં પરમાત્મ-પ્રીતિ જાગી નથી પરમાત્માના સાન્નિ-ધ્યમાં કલાકોના કલાકો વ્યતિત કરવાનું તને ગમતું નથી. થોડીક ક્ષણો તું વ્યતિત કરે છે તેમાં પણ તારું ચિત્ત પરમાત્મા પ્રત્યે અનુરાગી બનતું નથી.

તું કઈ જાતનો સાધક? તું શાની સાધના કરી રહ્યો છે? ગતાનુ-ગતિક સાધના કરીને તુ સાધક કહેવરાવે છે? તારા જેવા સાધકોના ટોળા ભેગો રહે છે માટે સાધક કહેવરાવે છે?

પરમાત્માને જોઈને તારા હૈયામાં આનંદ થાય છે? એ આનંદની ધારા ચાલે છે? ના અને એમ જ વર્ષો વિતાવી રહ્યો છે! અંતરાત્માના આનંદની અનુભૂતિ વિના તું કેવી રીતે જગત સમક્ષ સાધુતાનો દેખાવ કરે છે?

વિષયોના ઉપભોગનો આનંદ, મનની કેટલીક ધારણાઓની સિદ્ધિનો આનંદ તુચ્છ છે તારે તો આંતરગુણોની પ્રાપ્તિનો આનંદ અનુભવવાનો છે

આત્મ સંવેદન

બધું પરમાત્માનું !

તમારી પાસે જે કંઈ છે તે તમારું નથી, એવો નિશ્ચય તમારા હૃદયમાં
થઈ જશે પછી એવો વિચાર દૃઢ થશે કે મારી પાસે જે કંઈ છે
તે બધું મારા પરમાત્માનું છે અને ઉપર પરમાત્માનો અધિકાર છે

અને ખરેખર, જો વિચારશો તો તમને સમજાશે કે તમારી પાસે
જે કંઈ સારું-સુંદર છે તે બધું જ પરમાત્માની કૃપાથી તમને મળ્યું છે

આ વિચાર જેમ જેમ દૃઢ બનતો જશે, તેમ તેમ સર્જનના ઉપ
ભાગ તમે પરમાત્માને બનાવવા માંડશો વિના સંકોચ કરવાના

એક બાજુ તમે સર્જના પછી તમારા અધિમ ઉતારી દીધા
અને બીજી બાજુ સર્જના પરમાત્માના અધિકાર સ્થાપિત કરી
દીધા પછી પરમાત્માને બનાવવા માટે સર્જનના બધા કાર્ય તમને
સંકોચ થવાનો? "મારી પાસે જે કંઈ છે તે બધું જ પરમાત્માનું છે "

કૃપા

જે કંઈ મળ્યું છે તેમાં એવા મોહિત ન થઇ જાવ કે જેથી જેની કૃપાથી મળ્યું છે તેને ભૂલી જવાય. એવા સર્વનો ત્યાગ કરી દેવો જોઈએ કે જેમાં આસક્ત થવાથી કૃપાળુને ભૂલી જવાનું બનતું હોય.

સુખની પ્રાપ્તિ થાય છે પુણ્યના ઉદયથી. પુણ્યનો ઉદય થાય છે પુણ્યના બંધથી. પુણ્યનો બંધ થાય છે ધર્મના આરાધનથી. ધર્મ મળે છે પરમ કૃપાળુ પરમાત્મા પાસેથી. માટે સુખનું મૂળ કારણ તરણ તારણ પરમાત્મા છે.

એ પરમાત્માને જ જીવ ભૂલી ગયો! અને એમની કૃપાથી મળેલા વૈભવ સુખમાં જ રાચી રહ્યો! શું આ કૃતઘ્નતા નથી?

પરમાત્માની કૃપાથી મળેલા વૈભવનો ઉપયોગ હવે પરમાત્માની આજ્ઞાનુસાર કરવા પણ તૈયાર નથી! ધ્યાન રાખો! પરમાત્માને ન ભૂલો.



સૌંદર્ય :

સૌંદર્ય વિના આકર્ષણ થતુ નથી. આકર્ષણ વિના ચિત્ત ચોંટતું નથી. સ્વાત્મા પ્રત્યે ચિત્ત ચોંટતુ નથી ને પરમાત્મામાં પણ ચિત્ત ખેંચાતું નથી. કેમ આમ? શું આત્મા અને પરમાત્મામાં સૌંદર્ય નથી કે તે દેખાતું નથી?

પરમાત્માનુ સૌંદર્ય જોવા માટે દૃષ્ટિ સૂક્ષ્મ બનાવો. સૂક્ષ્મ દૃષ્ટિથી એ સૌંદર્ય નિરખો. નિરખ્યા જ કરો....પછી ચિત્ત ચોંટી જશે. પરમાત્મામાં ચિત્ત ચોંટયા પછી આત્માનું સૌંદર્ય ખીલવા માંડશે. એમાંથી અપૂર્વ રસાભૂતિ થશે.

પરમાત્મસ્મરણ

જેમની અનંત કરુણાથી તું શ્વાસ લઇ રહ્યો છે જેમની અગમ-
જોચર કૃપાથી તું એક ઉચ્ચ મનુષ્યરૂપે જીવી રહ્યો છે તે પરમ
પાનિધિ પરમાત્માનો તારા પર ઓછો ઉપકાર છે? તે અનંત ઉપકાર
તે કરનાર પરમોપકારીનું સ્મરણ તારા ચિત્તમાં વારવાર તું કરે છે? જો ના,

તો પછી તું યોગના માર્ગે નથી આવ્યો એમ સમજ યોગના
માર્ગે ચડેલો આત્મા પરમાત્માનુ વારવાર સ્મરણ કરનારા હોય. પ્રત્યેક
પ્રસંગ અને પ્રવૃત્તિની સાથે પરમાત્માનો મોહન કોઇ સબંધ રહેલો છે
તે સબંધને શોધી કાઢી પરમાત્માને સ્મૃતિપથમા લાવો

આપણને એ પરમકૃપાળુએ એટલું બધુ આપ્યું છે કે હવે
તું એમની પાસે માગવામા પણ શરમાઇ જવું જોઇએ.

એમણે જે આપ્યુ છે તેનો સદુપયોગ કરીને તે બધુ તેમના જ
ચરણે ધરી દેવું તેમાજ જીવનનો પરમ આનંદ રહેલો છે અનુભવી જોજે

જય વીતરાગ!

વીતરાગનો જય એટલે ધર્મતીર્થનો જય. ધર્મતીર્થનો જય એટલે
મોક્ષમાર્ગનો જય. મોક્ષમાર્ગનો જય એટલે શાશ્વતમાર્ગનો જય!

તે જય વીતરાગ ની ઘોષણા કરી એટલે વીતરાગના કાર્યમાં અને
રાગની વાણીમાં તારી અનુમતિ આપી! એટલે હવે તારે માથે એ
જવાબદારી આવી કે વીતરાગના કાર્ય અને વાણીની વિરુદ્ધ તારાથી
કંઇ જ ન થાય. એવી કાંઇ જ કરણી ન થઈ શકે કે જેથી વીતરાગના
ર્યમાં કોઇ વિઘ્ન ઊભું થાય!


જેનો તે જય પોકાર્યો, તેની પાછળ જ તારે રહવું જોઇએ, એ
ધ્યાન તારે રાખવું જોઇએ

આત્મસંવેદન

એ કળા આપો

હે પરમ કૃપાળુ પરમાત્મા! આપ આપના અનંત વિજ્ઞાનમાં ચરાચર સમસ્ત વિશ્વને જોઈ રહ્યા છો. તેમાં આપ આ પૃથ્વી પર આપની મૂર્તિથી મંડીત મંદિરોને પણ જોઈ રહ્યા છો... બંધ મંદિરોમાં આપની મૂર્તિઓને બિસ્માર હાલતમાં જોઈ રહ્યા છો .. કોઈ અજ્ઞાન જીવો આપના મંદિરની, આપની મૂર્તિની અવહેલના કરી રહ્યા છે, એ પણ આપ પ્રત્યક્ષ જોઈ રહ્યા છો...છતાં આપ નથી રોષ કરતા! નથી દ્વેષ કરતા!

પ્રભો! આપને વિશ્વદર્શનની કેવી અનુપમ કળા પ્રાપ્ત થઈ છે! મારે આપની પાસેથી એવી કળા જોઈએ છે. મને ખબર પડે કે કોઈ મારા નામને ગાળો દે છે. મારી આકૃતિનું અપમાન કરે છે, તો એ ગાળો દેનાર અને અપમાન કરનાર પ્રત્યે મને રોષ આવે છે. મારા નામને અને આકૃતિને જે ચાહે છે, પ્રેમ કરે છે, તેના પ્રત્યે મને રાગ થઈ જાય છે! બસ, રાગ–દ્વેષને મિટાવવાની કળા મને આપો!





શાન્તિનો ઉપાય :

તત્ત્વને જાણવું જાુદું અને તત્ત્વને પામવું એ જાુદું. તત્ત્વને પામવા માટે તત્ત્વથી ભાવિત થવું પડે. વારંવાર એ તત્ત્વને ભાવીને આત્મસાત્ કરવું પડે.

એટલે આ ભાવનાઓ વારવાર ભાવનાની છે. એક વખત વાંચીને મૂકી દેવાની નથી. આ શબ્દોના સથવારે વાસ્તવિકતામાં ડૂબકી મારવાની છે. આંખોથી દેખાતી દુનિયા વાસ્તવિક નથી. વાસ્તવિક દુનિયા આંખોથી જોઈ શકાતી નથી.. એ જોવા માટે જ્ઞાનનયન ખૂલવાં જોઈએ. તે માટે આ ભાવનાઓ ભાવવી અતિ આવશ્યક છે

સંસારનાં સુખ—દુ:ખનાં, ખૂશી-નાખૂશીનાં, રાગ-દ્વેષના દ્વન્દ્વોમાંથી મનને મુક્ત રાખવા માટે આ ભાવનાઓ અદભૂત ઉપાય છે. રોજ આ ભાવનાઓ ભાવવાની છે. વારંવાર ભાવવાની છે. તમને કોઈ ક્લેશ કે સંતાપ સતાવી નહીં શકે. તમારી સમતા અને સમાધિ અખંડિત રહેશે. આ ભાવનાઓ વિના વિદ્વાનોનાં ચિત્ત પણ શાન્તસુધારસ અનુભવી શકતાં નથી

ભાવના

ભાવનાઓથી ભાવિત થયા વિના ચિત્તની પરમ શાંતિ અનુભવી શકાતી નથી જ્ઞાનથી. શાસ્ત્ર-જ્ઞાનથી વિદ્વત્તા જરૂર પ્રાપ્ત થાય છે પણ ભાવના વિના જ્ઞાનનો રસાસ્વાદ અનુભવી શકાતો નથી.

ભાવના કોઈ એકાદ વચન યા શ્લોક ભાવી લેવાથી નહિ થાય. ભાવના તો જીવનના પ્રત્યેક પ્રસંગે ભાવવાની છે મનના પ્રત્યેક વિચારને પણ ભાવના દ્વારા ભાવિત બનાવી દેવાનો છે પછી જ જીવન જીવવા રસાસ્વાદ આવે છે !

અહીં તમને જીવનના ભિન્નભિન્ન પ્રસંગોએ કરવી જોઈએ તેવી કઈ ભાવના ભાવવી જોઈએ તેની રૂપરેખા બતાવીશ. મારું કામ બતાવવાનું તમારું કામ પ્રયોગ કરવાનું !

વાસના ને ભાવના

તારા અંતઃકરણમાં તને જે જે વાસના સતાવી જતી હોય તેની પ્રતિપક્ષી ભાવનાઓમાં તું વારંવાર રમણ કર. જ્યારે પણ વાસના ઊઠે કે તરત જ પછી પ્રતિપક્ષી પવિત્ર ભાવના દ્વારા તેને ભગાડી દે.

આંતરિક પતનમાંથી ઉગરવાના આના સિવાય બીજો કોઈ માર્ગ સમજાતો નથી. સાથ સાથ આ માર્ગ ઘણા કાળનો નિર્ણય છે એવા અનુભવ છે હકીકત છે માટે તને પણ હું આજ માર્ગ બતાવું છું તું પ્રયત્ન કર. હાલ ધારણ કરીને પ્રયત્ન કર. સફળતા મળશે.

વાસનાઓના જુવાળ વધતા જોઈ હિંમત ન હારી જતો.

અનિત્ય :

તમારો તેની સાથે ગાઢ સંબંધ હતો. તેના પર તમારો વિશ્વાસ પણ પૂર્ણ હતો. પરંતુ આજે તેણે તમારા સાથેનો સંબંધ તોડી નાંખ્યો... વિશ્વાસભંગ કર્યો... તેથી તમે દુ:ખી બની ગયા ..તમારા ચિત્તમાં ભારે અશાન્તિ વ્યાપી ગઈ...

કેમ આમ થયું? કેમ તમે દુ:ખી બની ગયા? શુ તમે એમ માની લીધું હતું કે એની સાથેનો તમારો સંબંધ ક્યારેય તૂટવાનો ન હતો? એની સાથેનો સ્નેહ નિત્ય હતો?

સમજી રાખો કે ઈષ્ટ જન સાથેનો સંબંધ અનિત્ય છે.. એ ક્યારેક તૂટવાનો જરૂર.. જે અનિત્ય છે તે પોતાના સ્વભાવને અનુસરે, તેમાં દુ:ખ શાનું?

રાગ-દ્વેષ :

તું જેના પર રાગ ધારણ કરે છે, તે રાગ અને જે તારા પર રાગ ધારણ કરે છે, તે રાગ, આ બન્ને રાગ અનિત્ય છે. તે તું બરાબર સમજી રાખ.

'જે મને ચાહી રહ્યા છે, તે એક દિ' મારા પ્રત્યે દ્વેષ કરવાના છે,' આ સમજ જો પાકી હશે તો તું દુ.ખી નહિ થાય. એટલું જ નહિ પરંતુ તેઓ પ્રત્યે તને તિરસ્કાર કે ઉદ્વેગ નહિ જાગે.

રાગ—દ્વેષ બન્ને ભાવો અનિત્ય છે. અનિત્યમાં નિત્યપણાની બુદ્ધિ જ જીવને દુ.ખી બનાવે છે.

જેઓ તને પૂર્વે ચાહતા હતા તેઓ આજે તને ચાહતા નથી. બલ્કે દ્વેષવાળા બન્યા છે, તેનો શું તને અનુભવ નથી?

મયોગ–વિયોગ

જેનું મૃત્યુ થઈ ગયું એનો શોક શો... જો પોતાના આત્મા અમર તમે ... નહિ શોક ન કરો એના પરમાત્મા ગમન નો આઠ ... હતા ... તે વાત સાચી, પણ એ વાત પણ ન ભૂલશો કે તમ ની સાથેના ગામમાં એ ભૂલી ગયા હતા કે "સંયોગનો ક્ષણ ફ અન ... જ છે"

કોનો સંયોગ કાયમ રહ્યો છે? જેનું એક પણ દૃષ્ટાંત તમે બતાવશો સંયોગ પછી વિયોગ ન થયો હોય?

જેણે સાથ સંબંધ બાંધ્યો એ ... લેખન લખ્યું કે "આ સાધના ... જેને આવવાના છે..."

સંયોગ નિત્ય નથી, અનિત્ય છે માટે સદા ... સુખ મળવાના ... બધાં સર્વ દુઃખો સંયોગમાંથી જ જન્મે છે

... રાત્ર સુધી જીવન ... ... નામનાની અનિત્યના વિચાર–મનન પછી (જીવના) મૃત્યુ થતાં પણ તમારા હૃદયમાં શોક... દુઃખ નહિ થાય

સંપત્તિ :

તમારી પાસે સંપત્તિ છે? તમે એ સંપત્તિને કેવી માની રાખી છે? નિત્ય માની છે કે અનિત્ય? જો નિત્ય માનીને રાખી છે તો તે તમારી ભ્રાંતિ છે. ભલા! એ તો વિચારો કે કોની પાસે સંપત્તિ નિત્ય રહી છે? મોટા રાજા મહારાજાઓ અને શેઠ શાહુકારોની સંપત્તિ પણ ચાલી ગઈ... અને જેમણે સંપત્તિને નિત્ય સમજીને રાખી હતી...તેઓ પોક મૂકીને રડયા.

સંપત્તિ અનિત્ય છે જ્યારે જ્યારે એ સંપત્તિ તરફ તમારી દૃષ્ટિ જાય ત્યારે તમે એ વિચાર કરજો: "આ અનિત્ય છે. ચાલી જવાની છે.." આ વિચારથી તેના તરફ તમારી આસકિત નહિ થાય. એટલુ જ નહિ પણ કદાચ એ સંપત્તિ ચાલી પણ જાય, ત્યારે તમને દુ:ખ નહિ થાય.

વળી, સંપત્તિને અનિત્ય માની, એક દિવસ જનારી જ સમજી લીધી, પછી એ સંપત્તિનો સાત ક્ષેત્રમાં સદુપયોગ કરીને પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરવાની પણ બુદ્ધિ જાગશે.

આરોગ્ય

તમારે કલ્પનામાં નહતું કે તમારા દેહમાં આવા રોગો વ્યાપી જશે! હજુ થોડા મહિના વર્ષો પહેલા તો તમારા દેહ નિરોગી હતો અને એનો તમને આનંદ પણ હતો..

તમે રોગોને દૂર કરવા પ્રયત્ન કરો છો.. દવાઓ કરો છો.. અત્યાર દવાઓનો પણ સહારો લો છો.. છતા તમે રોગમુક્ત બની શકતા નથી. તમે અશાન્ત.. વિવશ અને દીન બની જાવ છો

હવે, તમારે આવી સ્થિતિમાં પણ માનસિક સ્વસ્થતા સમાધિ પ્રાપ્ત કરવી છે? તો તમે તમારા વિચારમાં પરિવર્તન કરો

"આરોગ્ય અસ્થિર છે કદી એકસરખું આરોગ્ય કાયમનું રહતું નથી ક્યારેક અચાનક તે ચાલ્યું જાય છે... અને રોગોથી શરીર ઘેરાઇ જાય છે સંસારની આ એક ન નિવારી શકાય તેવી સ્થિતિ જ છે... તો પછી મારે શા માટે દુઃખ માનવું? શા માટે અશાંતિ અનુભવવી?

હવે તો એવા આરોગ્યની પરમાત્મા પાસે પ્રાર્થના કરો.. કે જે અક્ષય છે... એને મેળવવા પ્રબળ પુરુષાર્થ કરો

કઢંગો સંસાર

અનંતકાળને આંખ સામે રાખીને જો તમે સ્નેહીસંબંધીઓની પ્રત્યે જોશો તો તમારા હૃદયમાં રાગદ્વેષ પ્રાય: ઘટી જશે.

એ તો, કહે, કયા જીવ સાથે કયો સંબંધ નથી કર્યો? કયો સંબંધ આજે કાયમ રહ્યો છે! નથી મિત્રોનો સંબંધ કાયમ રહ્યો, કે નથી શત્રુનો સંબંધ કાયમ રહ્યો

એક વખતનો શત્રુ મિત્ર બનીને આવે છે અને મિત્ર મરીને શત્રુ બની જાય છે. માતા મરીને પુત્રી થાય છે. .પુત્રી મરીને માતા થાય છે. પત્ની મરીને પુત્રી થાય છે અને પુત્રી મરીને પત્ની થાય છે! આવા કઢંગા સંબંધોવાળા સંસારમાં કોના પ્રત્યે રાગ કરવો અને કોના પ્રત્યે દ્વેષ કરવાનો? સંસારના સ્વરૂપનો એકાગ્રચિત્તે વિચાર કરો.

દુ:ખરૂપ સંસાર!

સંસાર દુ:ખરૂપ છે. દુ:ખફલદ છે અને દુ:ખાનુબંધી છે, આ વાત ખૂબ ગંભીરતાથી વિચારજે. દુ ખરૂપ સંસારમાં તું સુખની શોધ કરી રહ્યો છે? મળે ખરૂં સુખ? સાચું પરમસુખ સંસારમાં મળે જ નહીં. જેને તું સુખ માની રહ્યો છે એ દુ:ખોને નોતરનારૂં છે! દુ:ખોની પરંપરા ચલાવનાર છે.

સંસારની ચારે ગતિમાં જોઈ લે દેવગતિમા પણ નિત્ય સુખ નથી. ભયરહિત સુખ નથી. સ્વાધીન સુખ નથી બીજી ગતિઓમાં તો સુખોની વાત જ કેવી! દુ:ખરૂપ સંસારમાં રહેવા જેવું નથી આ સંસારનાં બંધનો તોડી મોક્ષને જ પામવાનો પુરૂષાર્થ કર એ માટે સંસારનાં સુખોનો સ્વેચ્છાએ બહિષ્કાર કર

માનો કે કોઈ દુષ્ટ પુરુષોએ તમને બેભાન બનાવી દીધા અને એક કૂવામાં નાખી દીધા. બે-ચાર કલાક પછી તમને ભાન આવ્યું. અરે હું આવી કૂવામાં ક્યાંથી? મને આવી કાળે પટકી દીધો!" આ વિચાર આવે કે નહીં? આ વિચારની સાથે બીજો વિચાર—"હવે મારે આ કૂવામાંથી કેવી રીતે બહાર નીકળવું?" પણ આવે ને?

તમારી દૃષ્ટિ કૂવામાં લટકતા એ દોર [illegible] તુરત કેવો આનંદ થાય? તમો વળી તમે કૂવા ઉપર ઊભેલા એક [illegible] પુરુષ તમને બહાર કાઢવા ઊભા છે! [illegible] કૂવામાં પડ[illegible] કોઈ પાણી તમારું શરીર દુઃખે છે માથામાંથી લોહી પણ ટપકી રહ્યું છે.. છતાં તમે તુરત દોરડું પકડીને ઉપર ચડવાનો પ્રયત્ન કરવાના?

શું સંસાર કૂવો છે એવું ભાન થયું છે? "આ સંસારમાં [illegible] પાપમય સંસારમાં હું કેવી રીતે ફસાયો? હવે મારે કેવી રીતે બહાર નીકળવું?" આ વિચાર આવે છે? બહાર નીકળવા માટે બેબાકળા બની ગયા છો?

જુઓ આ સંસારકૂપમાંથી બહાર નીકળવા માટે પરમકૃપાળુ પરમાત્માએ ધર્મસાધનાના દોરડાં લટકાવ્યાં છે. તેને પકડી લો. ઉપર ચડવાનો પુરુષાર્થ કરો. કૂવા ઉપર પરમ કારુણિક સાધુ પુરુષો તમને બહાર કરવા ઊભેલા છે. તમને આનંદ થાય છે?

પ્રશ્ન એ છે સંસારના... ભવના કૂવામાંથી બહાર નીકળવું છે?

તારું શું ?

હું એક છું.. આ સંસારમાં મારું કોઈ નથી..." આ ભાવનાથી તમારા હૃદયને વાસિત કરી દો. તમારી ભૌતિક સ્વાર્થની સિદ્ધિ માટે તમે જેને જેને તમારાં માન્યાં છે, તેમાં કોઈ જ તમારું નથી, એમ શ્રી જિનેશ્વર ભગવંત કહી ગયા છે.

"હુ એક છું" એનો અર્થ એ છે કે "હું શુદ્ધ આત્મદ્રવ્ય છુ. કર્મની માયાજાળ મારી નથી... શુભાશુભ કર્મોના ઉદયોને હું મારા નહિ માનું. મારૂ જે છે તે તો શુદ્ધ જ્ઞાન છે, તે મારું છે અને મારું જ રહેવાનુ છે. એ કદી પણ મારાથી અળગુ થવાનુ નથી"

ખરેખર, આ સંસારમાં જીવ, જે પોતાના નથી તેમને પોતાના માનીમાનીને જ દુ:ખી થાય છે.. અને જે પોતે છે, જે પોતાનું છે, તેને ઓળખતો નથી, તેથી ભ્રમણામાં અટવાયા કરે છે.

તું સહુથી ભિન્ન !

તમારે આત્મહિત કરવુ છે, તેમા તમે બીજા સામું શા માટે જુઓ છો ?

તમે એકલા જ જન્મ્યા છો, એકલા જ મૃત્યુ પામવાના છો અનંત ભવોમાં તમે તમારા પુણ્ય-પાપને લઈને ભટક્યા છો.. હવે એ પરિભ્રમણનો અંત તમારે જ લાવવાનો છે.

બીજાનો એટલો બધો વિચાર ન કરો કે આ મહાન માનવ જીવન એમ જ ચાલ્યું જાય, ધર્મ પુરુષાર્થની અણમોલ ઘડી ચાલી જાય.

તમે તમારા આત્મા સામે તો જુઓ ! એ કેટલો દુ:ખી છે? એ કેટલો મલીન છે? એ કેટલો અશાંત છે? તમારે એનું દુ:ખ, મલીનતા અશાંતિ દૂર કરવા માટે પુરુષાર્થ વિના વિલબ કરવો જોઈએ.

તું સહુથી ભિન્ન છે ..તું એક છે તું તારો વિચાર કર. તારા આત્માનો વિચાર કર

અશાંતિ નિવારણ

મોટા ભાગે વિચારના અજ્ઞાન બને છે કે જ્યારે સ્વજનો પરિજનો સાથે પોતાનું ધાર્યું, મનુષ્યની ઇચ્છા વિરુદ્ધ પ્રવૃત્તિ કરે છે

મનુષ્યનો એ સ્વભાવ છે કે જ્યારે સ્વજન-પરિજન પોતાનાથી વિરુદ્ધ બોલે કે આચરણ કરે ત્યારે તે અશાંત બની જાય છે દુઃખી બની જાય છે. તેનું કારણ વિચારના નથી. સ્વજન-પરિજનો અને શરીર પણ પોતાનાં નથી. પોતાના સ્વભાવથી ભિન્ન છે અને જે પોતાનાથી સર્વથા ભિન્ન હોય તે ક્યાંથી પોતાના અભિપ્રાય મુજબ વર્તાતા બને?

એ વિચાર કે હું સ્વજનથી ભિન્ન છું. પરિજનોથી અળગો છું. દેહથી જુદો છું. શરીરથી પણ ભિન્ન છું." આ વિચાર જેમ જેમ વિચારમાં દૃઢ થતો જાય તેમ તેમ મનમાં શાંતિ, પ્રસન્નતા અને સુખ આવવા લાગશે. શોક અને સંતાપ ભાગી જશે.

બધું પરાયું !

તમને ઘણી વખત એમ પ્રશ્ન થતો "જો આ સંસારમાં કાંઈ જ મારું નથી એવો દૃઢ વિચાર થઈ જાય તો પછી સંસારમાં કેમ રહી શકાય?"

વસ્તુ પરાયી છે એ સમજીને વસ્તુનો ઉપયોગ કરતાં વસ્તુ પ્રત્યે મોહ નહિ બને. જ્યારે વસ્તુને પોતાની માનીને ઉપયોગ કરનાર વસ્તુ ઉપર રાજી બનશે અને એ વસ્તુ જ્યારે ચાલી જશે ત્યારે એ દુઃખ અનુભવશે. ત્યારે વસ્તુને પરાયી માનનાર જીવ વસ્તુ ચાલી જતાં દુઃખી નહિ થાય કારણ કે એમ સમજી જ રાખ્યું છે કે "આ વસ્તુ મારી પાસેથી ચાલી જવાની જ છે."

પરાધીન ત્યારથી તમારે ક્યારેક કાંઈ વસ્તુ રાખવી પડતી નથી? તમે તેનો ઉપયોગ પણ કરો છો છતાં એ વસ્તુ જ્યારે પાછી ચાલી જાય છે ત્યારે તમને દુઃખ નથી થતું કારણ, તમારી પાસે જે કાંઈ છે તે પરાયું છે આ વિચાર દૃઢ બનાવો

કાયાની માયા

તમને શું પ્રિય છે? તમારો દેહ? તમારી દૃષ્ટિ જો તમારા દેહ પર જ હશે તો બીજા જીવોના પણ તમે દેહ જ જોવાના. તમારી દૃષ્ટિ જો તમારા આત્મા પર હશે તો બીજા તરફ જોવાનો પ્રસંગ આવતાં બીજાના આત્મા તરફ તમારી દૃષ્ટિ જવાની.

દેહ પરનો રાગ, પ્રેમ ખતરનાક છે. જ્યાં સુધી એ રાગ—પ્રેમ તૂટે નહિ ત્યાં સુધી તમે ચિત્તની શાંતિ, પરમ શાંતિ અનુભવી શકશો નહિ. આત્મા તરફ તમારી દૃષ્ટિ જશે નહિ આત્માની દુર્દશા દેખાશે નહિ... એને દૂર કરવાનો પુરુષાર્થ તમે કરી શકશો નહિ.

દેહ પરથી દૃષ્ટિ હટે તો જ આત્મા પર દૃષ્ટિ પહોંચે. આત્મદર્શન કરવા માટે દેહ પરની રાગદૃષ્ટિને હટાવવી અનિવાર્ય છે.

વળી, દેહ પર રાગ કરવા જેવું છે પણ શું?

કોલસા જેવી કાયા

ચામડાં, હાડકાં, લોહી અને માંસનુ બનેલુ શરીર તમને ગમે છે? વહાલું લાગે છે? અનંત ગુણોથી ભરેલો, સત્ ચિત્ આનંદમય આતમા વહાલો લાગતો નથી? શરીરમાં કંઈ જ સાર નથી. એના પર રાગ ન કરો. રાગ કરી કરીને શરીરને વિશુદ્ધ કરવાનો પ્રયત્ન કરો છો, પંરતુ શરીર વિશુદ્ધ થવાનું નથી. આજે તમે શરીરને શુદ્ધ કર્યું, કાલે તે અશુદ્ધ બની જશે! આજે તમે જેને પુષ્ટ બનાવ્યું, કાલે તે સ્વયં નિર્બળ બની જવાનું

કોલસાને ગમે તેટલો ધોવાનો પુરૂષાર્થ કરો, એ કાળો જ રહેવાનો.
માટીની કોઠીને ગમે તેટલી ધૂઓ, માટી જ નીકળવાની!

શરીરની ચામડી ન જુઓ, શરીરની અંદર જે આત્મા છે તેને જુઓ, રૂપ એ તો પુદ્ગલની માયા છે. આત્મા અરૂપી છે.. શરીરની બિભત્સતા વિચારી તેના પર વિરાગી બનો.

ગરુડ શાળી

તને મધુ સ્વરછ ધુમ્મ આન શું જેમ છ તે? ના પજે તને
શકે કમ જય છે? કા ઊંચી વધી સ્વચ્છ છ શુભ છ શુદ્ધ
છે? જરા આ શરીની અંદર ના ન મ્ મ ા ગુ એન રાજ્ય થ શ?
શરીની અ ર અરવી ટરી ને હજુ? મગ મૂ ન આન મજબ, વારી
માસ આન રા શથી બ ડા શરી ઉપ નું માથી પ્રવેશ? ઊચે ટિ
ધાન્ય વિસે વિશ ક ના ા પાનાના શરી ઉપર ક બોબાના શરી
ઉપર વાની મનગાનું ભ્ય ક શ ા ની અ ના ગાધુલિ બધા પછી અ
રાતના પૂ નાતી બધ. બધા ગયા શ ા ની સ્પની સામને તને
નમી બાર નાર ગુન નું આર ાવ્યુ ની ઘર ના ા ઉપ બ્ર ગાજી
બધ.

નાળીનો ઉપયોગ

શરીના અગ્રા મધ્ય ના આ ાતિન ન ાયા આદ્ય
સાધનામાં વિગ્નુન મન
શરીનો ઉપયાન આત્માના મ્યાન મા ઉચ્ચાર મા કરતાના
ઇ ક સ્થા માત્રિક ઇ શરી ના છ માત્ર મા નાક પાસથી રાખ
વધું આદ્ય
શરી ના ના આસન છ આન બધાન ક ર આદ્ય આસ્ય
નહિ થાય ત્યાગથી શરી પાસ નય રાખા શરી ાસે થ ા વ ા ય શન
રોગ શરીરમાં પરમાત્માની ઓંકારમ આ ા શર ન પ માથી પ રમ
રિનો શ્રીમ ના શરૂ આથા
એના આગ અ નથી ક શરીમા ાન મા શ્ર નય વાધુ
નો, વાસીત ઉપભ્ના થા ત્યા ા ન પ ક ન ન ા પ મ ા ન ા શરી
વાજું એ ન રહે

ભસ્મરોગ

તમે એ તો વિચાર કરો કે તમારા આત્મામાં કેટલી જગાએથી કર્મોનો પ્રવાહ આવી રહ્યો છે? રોજ આત્મામાં અનંત અનંત પાપ કર્મો આવી રહ્યા છે એનો ભય તમને છે? જો હોય તો એ દ્વારોને સત્વરે બંધ કરો. મિથ્યાત્વ, અવિરતિ, કષાય, મન, વચન કાયાના અશુભ યોગો અને પ્રમાદના દ્વારો સત્વરે બંધ કરો.

મિથ્યાત્વ તમને અનેક ઊંધી કલ્પનાઓમા ખેંચી જાય છે. અવિરતિ તમને કોઈ પણ પ્રકારના પાપનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરવા દેતી નથી. કષાય તમને ક્રોધી, માની, માયાવી અને લોભી બનાવે છે. મન, વચન અને કાયાના દુષ્ટ યોગો તમને પાપમાં રમાડે છે. પ્રમાદ વિષયોમાં આસક્ત કરીને ધર્મ સાધનાથી તમને વિમુખ બનાવે છે.. આ પાપાશ્રવોનો વિચાર કરો

દ્વાર બંધ કરો

તને સમજાય છે ખરું કે તારા આત્મામાં પ્રતિસમય શું આવી રહ્યું છે? શું શું ભરાઈ રહ્યું છે? એનાથી તારો આત્મા કેવો બની રહ્યો છે?

અનંત અનંત કર્મોનો પ્રવાહ આત્મામાં આવી રહ્યો છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને પ્રમાદના દ્વારોમાંથી એ પ્રવાહ આવી રહ્યો છે, એ દ્વારો બંધ કરવાના છે. એ બંધ કર્યા વિના કર્મોનો પ્રવાહ અટકવાનો નથી. એ પ્રવાહ અટક્યા વિના કર્મોનો ભરાવો ઓછો થવાનો નથી. ભલે ને તું કર્મોની નિર્જરા કરતો રહે! પહેલું કામ આશ્રવોનાં દ્વાર બંધ કરવાનું કરવું પડશે.

સમ્યક્ત્વ

સમ્યક્ત્વ, વિરતિ, ક્ષમા, નમ્રતા, સરળતા, નિર્લોભતા, મન વચન કાયાની શુભ પ્રવૃત્તિ અને અપ્રમાદ એ છે સંવર.

સમ્યક્ત્વને દૃઢ કરવા પરમ કૃપાળુ વીતરાગ સર્વજ્ઞત્વને પરમાત્મા માનો. એમના પર જ શ્રદ્ધાને સ્થાપિત કરો. એમના સિવાય કોઈ મિથ્યા દૃષ્ટિ દેવ દેવીઓની ઉપાસના ન કરો. આવી રીતે પંચ મહાવ્રતધારી સદ્ગુરુ પર જ શ્રદ્ધા કરો. કંચનકામિનીના ત્યાગી એવા સાધુઓ સિવાય બીજાઓને તમે ગુરુ ન માનો. ભગવાને બતાવેલા ધર્મને જ ધર્મ માનો. આ રીતે જો તમારું સમ્યક્ત્વ દૃઢ બની ગયું તો આશ્રવનું એક દ્વાર બંધ થઈ ગયું સમજો.

પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ

જે પાપો કર્યા વિના તમારું જીવન ચાલી શકે છે એ પાપો ન કરવાની તો પ્રતિજ્ઞા કરી જ લેવી. તથા પાપની અપેક્ષાએ જે જરૂરી પાપોના પણ ત્યાગ કરવાનું ધ્યેય ચૂકવું નહિ. જે ત્યાગ કરવામાં આવે પાપ કરવું પડે છે એના પણ ત્યાગ કરવાનું ધ્યેય રાખ્યું તો તમે સાચી દિશામાં જશો.

જે ત્યાગ કરો તે પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરવો. અરિહંત પરમાત્માની સાક્ષીએ, સિદ્ધ ભગવંતની સાક્ષીએ, સાધુ પુરુષોની સાક્ષીએ અને આત્માની સાક્ષીએ પ્રતિજ્ઞા કરવાની છે. જ્યાં સુધી સામાન્ય પ્રત્યાખ્યાનનું છે સર્વ પાપ વ્યાપારોનો ત્યાગ કરી ચારિત્ર સ્વીકારાય નહિ. ચારિત્ર સ્વીકાર્યું કે સર્વ સંવર થઈ જાય.

"આ ખવાય, આ ન ખવાય, આ પીવાય, આ ન પીવાય આ પહેરાય, આ ન પહેરાય...આવી વાતો કરવી તે કેવળ ધાર્મિ ગાંડપણ છે.. દુનિયામાં જે બધું છે તે ભોગવવા માટે.."

આ વિચારનો પ્રચાર આજે વધી રહ્યો છે...ભોગાસક્ત મનુષ્યને આ વિચાર પ્રિય લાગે છે. પરંતુ આ વિચારને યથાર્થ સમજના આજના બુદ્ધશાળીને મારો એક પ્રશ્ન છે:

તમે જ્યારે બિમારીમાં પટકાઈ જાઓ છો, વૈદ્ય યા ડોકટર પાસે જાઓ છો, ત્યારે શું વૈદ્ય-ડોકટર તમને નથી કહેતા "અમુક પદાર્થો ન ખાશો, અમુક પદાર્થો ન પીશો, આવા કપડાં ન પહેરશો !"

ડોકટર જ્યારે તમને ખાવા-પીવામાં અને પહેરવા ફરવામાં અમુક નિષેધ કરે છે ત્યારે તમે તેને કયું ગાંડપણ સમજો છો? ડોકટરની વાતો કયા શબ્દોમા હસી કાઢો છો?

આ તમને ડોકટરની વાત યથાર્થ લાગે છે! ભલા, શારીરિક રોગ મિટાવવા માટે અમુક પદાર્થો ન ખાવા, ન પીવા. વગેરે તમને યુક્તિ યુકત લાગે છે. તો આત્માના રોગોને મીટાવવા માટે ધાર્મિક વિધિ-નિષેધો કેમ યથાર્થ—યુકિતયુકત નથી લાગતા?

તમે આનો જવાબ આપતાં અચકાશો! સાંભળો.

જ્યારે માનસિક રોગો, આત્મિક રોગોથી તમે અકળાશો, એ રોગોને દૂર કરવાની ભાવના જાગશે ત્યારે તમે, ધર્મે જેનો નિષેધ કર્યો છે. તે નહીં ખાવાના, નહીં પીવાના, નહીં પહેરવાના.

ઉપાય

ઇચ્છાની વૃદ્ધિમાં દુઃખ છે, ઇચ્છાની હાનિમાં સુખ છે.

જ્યાં દુઃખનો અનુભવ થાય ત્યાં તપાસવું કે મુખ્ય કઈ ઇચ્છા કામ કરી રહી છે? કોઈ એક ઇચ્છા જડે. તેમને જરા મક્કમ તેમ જો ઇચ્છાને દૂર કરો કે તરત જ દુઃખ ઓછું થાય. ઇચ્છા પૂરી કરવા જતાં દુઃખ વધી જાય છે. મારા દુઃખના બાહ્ય પ્રતિ ... છે. દુઃખનું કારણ ઇચ્છા છે. તે ઇચ્છાને જ દાબવાનો પ્રયત્ન કરો. પછી આનંદ શાંતિનો અનુભવ થશે.

ઇચ્છાના પ્રથમ પગલામાં જ સુખના અનુભવ થતાં હોય તો તે જ થાને ભાવવામાં અનુભવવાનાં સુખના જેવાં સમજ.

પૂર્વ તૈયારી

ક્રોધના પ્રસંગ ઉપસ્થિત થાય છે ને તમે ક્રોધ કરી બેસો છો. અભિમાનના પ્રસંગો થાય છે ને તમે પતિત બની જાઓ છો. માયાના પ્રપંચ ... છે ને તમે ફસાઈ જાઓ છો. લોભના પ્રસંગો થાય છે ને તમે દાસ બનો છો.

આ બધું તમે ... કરો છો. આજ બધું ... તમારી પરિસ્થિતિ તમે જાણો છો. ત્યાં તમારા દિલમાં પ્રશ્ન ઊઠે છે. આમ કરવાનું ... પરવશ કેમ થઈ જવાય છે?

આ પ્રશ્નો શત્રુઓના સામના કરવા આ ... શત્રુના જ્યારે આવે ત્યારે તૈયારી કરવી ન બનાય. આ ના પ્રસંગો થવા પૂર્વે તૈયારી કરી રાખવી આજને શત્રુના પ્રસંગો થતાં જ તેના પ્રતિકાર કરી શકે તેવા શસ્ત્ર તૈયાર રાખવાં જોઈએ.

આત્મસંવેદન

ક્રોધશમન

શા માટે રોષ કરો છો? રોષ કરીને તમે તમારા આત્મામાં અશાંતિ પ્રગટાવો છો. રોષને જાગ્રત થવાના પ્રસંગે ક્ષમાને ધારણ કરો. ક્ષમા ધારણ કરવા માટે નીચેના ઉપાયો તમને ઉપયોગી બનશે.

(૧) હૃદયમાં રોષ જાગતા જ મૌન ધારણ કરો.

(૨) જે પ્રસંગ પામીને રોષ જાગ્યો હોય તે પ્રસંગને યાદ ન કરો

(૩) એ જગાએથી ચાલ્યા જાઓ

(૪) શ્રી નવકાર મંત્રનું સ્મરણ કરો.

(૫) તમારા પાપોદયનો વિચાર કરો.

(૬) જેના પ્રત્યે રોષ થયો હોય, તેના વિશુદ્ધ આત્મસ્વરૂપને યાદ કરો.

(૭) ક્રોધ—રોષ કરવાથી સ્વ—પર આત્માને અશાન્તિ વધે છે. એ સમજો.

આ રીતે બળજબરીથી પણ ક્રોધ પર તમે નિયંત્રણો કરશો તો જતે દિવસે તમારા હૃદયમાં ક્રોધ જાગશે પણ નહિ. ક્રોધને ડામવાનું સાધન ક્ષમા છે

કર્મ શત્રુ

કર્મને શત્રુ માન્યા પછી, એ કર્મો તરફથી મળતી અનુકૂળતાને સ્વીકારી શકાય? શત્રુનું દાન લેનાર શત્રુના પ્રભાવ નીચે દબાઈ જાય છે. શત્રુનો તે મુકાબલો કરી શકતો નથી. કર્મોને શત્રુ સમજો. શત્રુ સમજીને તેના તરફથી મળતી ધનસંપત્તિ, રૂપસૌન્દર્ય, કીર્તિ, પ્રતિષ્ઠા વગેરેને તું શું સમજી સ્વીકારે? નહિ. ત્યાગ તેનો તપશ્ચર્યા અને દાન દ્વારા નિકાલ કરી દો.

ધીમા ત્યાગ જ નહિ ચાલી જાય. કર્મોનો ક્ષય કર્યા વિના મોક્ષ નહિ. તે ક્ષય કરવા માટે કમર કસવી પડશે. કર્મોની માયાજાળમાં ફસાઈને બેસી રહ્યે કેમ જ ચાલશે? કર્મશત્રુ તરફથી આનંદ મળી રહ્યો હોય તેવી પળે તો ખાસ તે દુર્ધ્યાન કર અને શાંતિ અભય લઈ આવજો.

યુદ્ધ

ક્રોધ, માન, માયા, લોભ શત્રુઓ ... અંતરશત્રુ કહ્યા છે. શત્રુ સામે ... વન ... ... શકાય નહિ. વળી આ તો અંધા બની જવાતા શત્રુ અનંતકાળથી આપણા આત્મા પર શાસન કરતા આવ્યા. તેમને દૂર કરવા માટે ક્યાં ... ... કરવા પડે એ શું નથી સમજતા?

યુદ્ધ માટેનું મેદાન મળી ગયું છે.

યુદ્ધ માટેની શસ્ત્રસામગ્રી તૈયાર છે.

યુદ્ધ માટે યુદ્ધ ... કરનાર તૈયાર છે. બસ. આપણે કર્તવ્યની મનોવૈ મેદાનમાં ઊતરીએ. તરત જ ખાસ છે' ... આ જીવનમાં ... જ કર્યું તો પછી દીર્ઘનિદ્રાપૂર્વક ... રહી.

આત્મશ્રેહન

- શત્રુ ક્યારે હુમલો કરે છે?
- શત્રુ ક્યા સ્થાનેથી હુમલો કરે છે?
- શત્રુની વ્યૂહરચના કેવી છે?
- શત્રુની સહાયમાં કોણ કોણ છે?
- શત્રુનું બળ કેટલું છે?

આટલી બાબતોનો ઝીણવટથી અભ્યાસ કરીને તેની સામે આપણા સંરક્ષણની યોજના ઘડવી જોઈએ.

- ક્રોધ વગેરે ક્યારે હુમલો કરે છે?
- ક્યા સ્થાને ક્રોધ વગેરે હુમલો કરે છે?
- ક્રોધાદિની વ્યૂહરચના કેવી છે?
- ક્રોધાદિની સહાયમાં કોણ કોણ છે?
- ક્રોધાદિનું બળ કેટલું છે?

આટલી ઝીણવટભરી માહિતી મેળવી લીધા પછી તેના હુમલાને મારી હટાવવા માટે આપણી યોજનાનો વિચાર કરવો જોઈએ. તો જ આપણે ક્રોધાદિથી બચી શકીએ.

લડતા રહો

પતરાનમા કાંઇ ન આવ પ્રસંગે પ્રસંગે અભિમાન ન આવે
સ્થાન સ્થાને માયા ન ભજે, અવસર અવસ લાભ ન ભજે તેનું નામ
છે શાં ન ' તેનું નામ પ્રથમ

આવી શાં ન આ] પ્રાપ્ત થઇ જાય ના સમજવું કે આત્મસુખની
અધિક પ્રાપ્તિ થા માટ ઝરનનું આજ ત્રણ બનાવા કારણ જ્યા
થાને નાયરાના ળ પ્રયત્નમા લાગ્યા રહા પ્રત્યક્ષ પ્રમાણના કનિ વખતે
આ લક્ષમા ગાયા ક મા। કારણ ક્યારા કરતા શક્યા બીજી બાજુ
ક્યા—નમ્રતા સે તેના આન નિરાભિમાનનું લક્ષ ।વી થાન સ્થાન તના
પ્રધાન ક ।

તનાશ ન થશા કારણ સામ જિન્દગી સુધી ૨ ૩ ૫ ૬ પ્રયત્ન
રાખ્યા કે અવરણ મારા વિજય રહ. સૂક્ષ્મ દોષની નિરીક્ષણ કરતા ના
સમયસર કે દિનપ્રતિ ન નવ વિજયની તરફ પ્રયાણ કરી રહ્યા છો અને
એ આશ ઉત્સાહ વારંવાર તમારું હ ય આનંદથી ભરાઇ જાય

કર્મનિર્જરા

કર્મોની નિર્જરા કર્યા વિના આત્મસ્વરૂપ નહીં જ પ્રગટે. જો તું આત્માર્થી કે આત્મસ્વરૂપનો રાગી છે તો તારે કર્મોનો ક્ષય કરવો જ પડશે. પાપકર્મોનો અને પુણ્યકર્મોનો—સર્વ કર્મનો ક્ષય કરવો પડશે.

કર્મોની નિર્જરાના ઉપાયો જાણે છે? તુ એ ઉપાયો જાણ અને ક્ષય કરવાનો પુરુષાર્થ કર. તપશ્ચર્યા એ કર્મક્ષયનો ક્રિયાત્મક માર્ગ છે જ્યારે ધર્મધ્યાન અને શુક્લધ્યાન એ કર્મક્ષયનો ભાવાત્મક માર્ગ છે. આ બંને માર્ગનું યથોચિત અવલંબન લઈને કર્મક્ષય કરતો ચાલ ચાલબજ્ઞા, તારે તો પુરુષાર્થ જ કરવાનો છે, કર્મક્ષય સ્વયમેવ થતો જશે, અનન્ત જન્મોના બાંધેલાં કર્મો એક જન્મમાં નિર્જરી શકે! એક જન્મમાં બાંધેલાં કર્મો અસંખ્ય જન્મોમાં ન નિર્જરે. આવું બની શકે.

જાગ્રત થા. પ્રમાદનો ત્યાગ કર. અને કર્મક્ષયનો પુરુષાર્થ આરંભી દે.

ધર્મના શરણે

તું ધર્મની ક્રિયાઓ કરે છે તું ધર્મનું જ્ઞાન મેળવે છે તું ધર્મ પ્રત્યે આસ્થાવાન પણ છે પરંતુ તે ક્યારેય શાંત ચિત્તે ધર્મના મહિમા અને વિચાર્યું છે ? ધર્મના અચિંત્ય પ્રભાવ અને મનન કર્યું છે ? ધર્મની શ મા [illegible] એકાગ્રતા માટે આ મનન કરવું ખૂબ જરૂરી છે દયા અને દાન વોએ જે જિનધર્મના ચરણે મસ્તક નમાવ્યા છે રાજા–મહારાજાઓએ જે આ ધર્મને હૃદયમાં ધારણ કરવા છે ભોગના બાહ્ય અધિકારને જે સમરાંગણમાં ફેંકી નાખે છે [illegible] નારા જે મહાધર્મ [illegible] સર્વકલ્યાણના [illegible] એવા ધર્મનું ચિંતન કરતાં હૃદય નૃત્ય થઈ ગયું છે ?

જે ધર્મ મન [illegible] આત્મસુખ આપે છે દેવતાના દિવ્ય સુખ આપે છે અને પરમપદ મોક્ષ આપે છે એ ધર્મના શરણે [illegible] સંસાર ભયો ન સાલ—

केवलिपण्णत्तं धम्मं सरणं पवज्जामि ના ઉદ્ગાર પછીના [illegible] રોજ સાચું શરણ આપશે.

લોકસ્વરૂપ

વિશાળ વિશ્વને તો જો!

ચૌદરાજલોકમય કેવું આ વિશ્વ છે!

ચાર ગતિઓ એમાં સમાય છે ને ચોરાશીલાખ યોનિઓ એમાં સમાય છે. અનંતાનંત જીવો આ વિશ્વમાં જીવી ગયા છે... કોઈ એવી ખાલી જગા નથી કે જ્યાં ચૈતન્ય ધબકતું ન હોય! કોઈ એવી જગા નથી કે જ્યાં આપણા જીવે જન્મ—મૃત્યુ પામ્યાં ન હોય.'

વિશ્વમાં મુખ્ય તત્ત્વ છે ચૈતન્યમય જીવાત્મા. બીજા ચાર તત્ત્વો છે જડ. જીવને સહાય કરનારાં એ તત્ત્વો છે. તેનાં નામ છે: ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અને પુદગલાસ્તિકાય. ભૌતિક સુખ—દુ:ખની અપેક્ષાએ જોતાં નીચે દુ:ખ છે, ઉપર સુખ છે! વચ્ચે સુખ—દુ:ખના મિશ્રણ છે...

મનની પાંખે ઊડીને સમગ્ર ચૌદ રાજલોકમા વિહરી તો જો! તને ખૂબ આનંદ મળશે.. ખૂબ જાણવાનું ને જોવાનું મળશે હા, રાગ અને દ્વેષ વિના માત્ર જોવાનો અને જાણવાનો આનંદ આ રીતે તને અનુભવવા મળશે. ચૌદરાજલોકના અંતે રહેલી સિદ્ધશિલા ઉપર સિદ્ધ-બુદ્ધ—મુક્ત બની બેસી જવાની તીવ્ર અભિલાષા પ્રગટશે

卐

બોધિબીજ

તને જે દુર્લભ વસ્તુઓ મળી છે એનું તને ભાન છે? તને શું મળ્યું છે? એ આ વિચાર કરીશ તો તું ક્યારેય દીન—હીન નહીં બને. ક્યારેય નિરાશ કે હતાશ નહીં બને.

મનુષ્યજીવન અને ધર્મતત્ત્વ, આ બે દુર્લભ વાના તને મળી છે ને? અર્થાત્ વધારે દુર્લભ તને આદિ મળી છે' આદિ અનેક કાળ તા ! ફરીથી આત્મતત્ત્વની શોધ [illegible] મળી છે દયા પામવાનું પ્રધાન [illegible] ન' એ પરમ વિશુદ્ધ આત્મ [illegible] [illegible] પૂજ્યના પ્રભ નાથ પામ્યા વિશ્વાસ છે ને [illegible] આત્મ ધ્યાન પામવાના વિવિધ ધર્મોમાં તને નમ્રા [illegible] અનુભવ [illegible] પ્રાપ્તિ અલ્પમાં દુર્લભ છે [illegible] આ પ્રાપ્તિના હર્ષ [illegible] ઉજ્જ્વલ [illegible] આદિ નથી મળ્યું, તને મળ્યાં [illegible] એનું [illegible] પૂર્વક અભિનંદન [illegible]

મૈત્રી :

આ જગતમા જે કોઈની સાથે તારે મૈત્રી કરવી છે તારે તે વ્યકિતના કેટલાક દોષો સહન કરવા પડશે. એના કેટલાક અંગત મંતવ્યો સામે મૌન રહેવું પડશે.

તારામાં રહેલા દોષોને જે કોઈ સહન કરતુ નહિ હોય, તારા અમુક મંતવ્યોની સામે જે પ્રહારો કરતુ હશે. તારામાં રહેલા ગુણોનો જે અનુવાદ કરતું નહિ હોય, એના પ્રત્યે તું મૈત્રી ધારણ કરી શકે છે? ના!

મૈત્રી માટે માત્ર ભાવનાથી નહિ ચાલે તારે મૈત્રીની સિદ્ધિ કરવા માટે કઈક કરવુ જોઈએ.

બીજા પ્રત્યે

બીજો જીવ તારી હિંસા કરે તે તને નથી ગમતુ પરંતુ, તુ બીજાની હિંસા કરે છે, તે ખટકે છે? બીજો મનુષ્ય તારી સાથે જૂઠ બોલે તે પસંદ નથી, પરતુ તુ બીજા સાથે જૂઠ બોલે છે તે ખટકે છે?

તુ બીજા તરફથી જેવુ આચરણ ચાહે છે, બીજા તરફ એવુ આચરણ કરવા માંડ તુ બીજા તરફથી સુખ ચાહે છે, તો બીજાને સુખ આપવાનુ કાર્ય પણ તારે કરવું પડશે બીજાને દુ:ખ આપીને સુખ લેવાની વૃત્તિ ખતરનાક છે.

બીજાને દુ:ખ દેવાની વૃત્તિ-પ્રવૃત્તિ તો તારે છોડવી જ રહી, જો તારે સુખી બનવુ છે તો. બીજાને દુ:ખ દીધા વિના જે સુખ મળે તેમાં જ તારે સંતોષ માનવો જોઈએ એમાથી પણ બાજાને સુખી બનાવવા માટે ત્યાગ કરવો પડે તો કરવો જોઈએ.

જીવનપરિવર્તન માટે

બીજા જીવને ધર્મ પમાડવા પૂર્વે તારે એ તપાસી લેવું જોઈએ કે
એ જીવને તારા પ્રત્યે દ્વેષ તો નથીને? તારા પ્રત્યે રાગ છે કે નહિ?
જ નન પ્રમ ૫ ક નાગ પ્રત્ય એન દ્વેષ છ તો તાર એ દ્વેષને
ઓગાળવાના પ્રયત્ન આ ન ના પ્રત્ય ઉદારતા અને એ રીતે
એની સાથે વ્યવહાર રાખવા જોઈએ પછી ના એ ધર્મ પમાડવા
ધર્મ સ મનાથી તું પમાડ હતે.
પણ બીજાના હૃદય ક વા માટ ત
ઓળખ ન ક નહીં જ નમ એ એનો દ્વેષ ર ધીરજથી કામ લવું પડશ.
નાન ક આનું ન પણ વ ના જશ એના દ્વેષ ર ના જશ તમ તમ એના
અના ન ક આચરણનો વિચાર ક ર ન એ પ્રતીતિ ક કરવા માટ ના
અન ય છ કરશે કે તું
બીજાના જીવન પરિવર્તન માટે આ નું ના ક વું જ પડશ

સત્કાર્યની પ્રશંસા

બીજા જીવના સ કાર્યની ના પ્રશંસા ક વી જ આનાથી બીજા
આ માન વધું ન વધું સત્કાર્ય કરવાની પ્રેરણા મળ છ આ ન નામા
ગુણાનુરાગને ગુણ બોધ થ ક માં ગુણ પ્રાપ્ત થાય છ
વધ્યો, ના સ કાર્યની બીજા જીવ પ્રશંસા ક આવી તું
રાખ છે ના તાર બીજાના સ કાર્યની પ્રશંસા કરવી જ આ ન
સ કાર્ય ય માન તું કાય છ સ કાર્યની પ્રશંસા ...
ય માન્યાની પ્રશંસા ક ક વાટ એ રીતે
મની થાય

પ્રીતિ

પ્રીતિ કરવી છે? જેની સાથે પ્રીતિ કરો તેમાં એવી ચીજ જોઈને પ્રીતિ કરજો કે જે ચીજ એનામાં કાયમ રહેનારી હોય... જે ચીજ કાયમ રહેનારી ન હોય, પરિવર્તનશીલ હોય તે જોઈને તેના પ્રત્યે આકર્ષાઈને જો પ્રીતિ કરી તો એ પ્રીતિ ટકી શકશે નહિ. પ્રીતિના સ્થાને દ્વેષ આવશે. રૂપ, બલ, ધન, સંપત્તિ, સત્તા, પ્રેમ. રાગ... આમાંનું કંઈ પણ જોઈને પ્રીતિ કરી, તો અંતે પસ્તાવાનું થશે, કારણ કે રૂપ વગેરે બધું પરિવર્તનશીલ છે. સામી વ્યકિતમા તે કાયમ ટકનાર નથી

ગુરુ સાથેની પ્રીતિમાં પણ આ ધ્યાન રાખજો. ગુરુમાં જે ગુણ કાયમી હોય, તે ગુણ પ્રત્યે તમને જો અનુરાગ હોય, તો તે ગુણથી પ્રીતિ કરજો. તો ક્યારે ય પસ્તાવાનો અવસર નહિ આવે બીજી એક વાત ધ્યાન રાખજો. જેના સાથે પ્રીતિ કરો તેના પાસેથી કંઈ પણ લેવાની સ્પૃહા ન રાખશો. સમર્પણની ભાવના રાખજો.

ડાયરી

નવ તમારી આ આગવી જેવી બનાવો. તમા તમારા કુટુંબના દરેક સભ્યના નામ લખો. પછી તમારા પરિચયમાં આવે તે સર્વ મિત્રોના નામ લખો. પછી ગુરુ મહારાજના નામ લખો.

દરેક નામની સામે, તે નામવાળી વ્યક્તિના એક મહત્ત્વના ગુણ લખો. કોઈને કોઈ ગુણ તો તમને દેખાશે જ. શોધીને પણ લખવા. પછી રોજ એકવાર સવાર કે રાત્રે એ નામોની સાથે એ લખેલા ગુણોના પાઠ કરવાનું શરૂ કરો. પછી જ્યારે એ વ્યક્તિને તમે જોશો ત્યારે તમને એના એ ગુણ યાદ આવશે, ને ગુણ તમારી સામે આવીને ઊભા રહેશે! પછી એની પ્રત્યે તમને દ્વેષ નહીં થાય.

ગુણપક્ષપાત

ગુણોના પક્ષપાત મનુષ્યને ગુણી બનાવે છે. મનુષ્યની સાથે ગુણ અને દોષ ઉપસ્થિત થાય ત્યારે તે જે ગુણના પક્ષ લઈને દોષની ઉપેક્ષા કરે છે તે સમજવું જોઈએ કે આ મનુષ્ય ગુણના પક્ષપાતી છે.

એની દૃષ્ટિ સદા ગુણો જોવાની. જે ગુણનું જ દર્શન કરવામાં આવે તેના જ પક્ષ કરવાની તેની ટેવ. ગુણના જ ગાયન ગાવાની, કારણ કે એના એના પક્ષપાત થાય છે તે તેના જ દર્શન છે. તેમ તેના જ પ્રશંસા કરે છે.

ભલે એ ગુણ તમારામાં નથી, પણ જો એ ગુણીના જે પક્ષપાત છે તો આજે નહીં તો કાલ એ ગુણ તમારામાં આવ્યા વિના નહીં રહે. માટે ગુણોના પક્ષપાતી બનો.

આત્મસંવેદન

ગુણો જોવા એટલે આત્મા જોવો. કેવળ ગુણો જ દેખાતા થઈ જ તેને આત્મસાક્ષાત્કાર થયો જાણો. આત્મસાક્ષાત્કાર કરવા માટે ગુણો જ જોવાની વૃત્તિ પ્રવૃત્તિ હોવી જોઈએ.

દોષ જોવા એટલે દેહ જોવો. પરના દોષ જોનારને કદીય આત્મ સાક્ષાત્કાર ન થાય, કારણ કે દોષ અને દેહનો વ્યાપ્ય-વ્યાપક ભાવ છે.

ધુમાડો જોઈને કોઈ મનુષ્યનું અનુમાન નથી થતું, પરંતુ અગ્નિનુ થાય છે કારણ કે અગ્નિ સાથે ધુમાડાનો વ્યાપ્ય-વ્યાપક ભાવ છે અર્થાત્ જ્યાં ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય છે. અગ્નિ વિના ધુમાડો હોઈ જ ન શકે. તેમ દોષ હોય ત્યાં દેહ હોય જ. દેહ વિના દોષ હોઈ જ ન શકે એટલે દોષ દર્શન કર્યું કે દેહ પર જ દષ્ટિ જવાની દેહનું જ ભાન થવાનું આત્માનું નહિ.

આત્માનુ ભાન કરવા માટે તો ગુણ—દર્શન કરવું જોઈએ ગુણ દર્શન વિના આત્માનું ભાન થઈ શકે જ નહિ વળી સંસારસ્થ આત્મા માટે તો આત્માનું પ્રત્યક્ષ દર્શન અશકય છે. એને તો અનુમાન પ્રમાણથી જ આત્માનું દર્શન કરવાનું હોય છે. અને અનુમાન પ્રમાણમાં તો લિગીનું જ્ઞાન કરવા લિગ જ્ઞાન જોઈએ જ માટે આત્માનું જ્ઞાન કરવા માટે ગુણોનું દર્શન અવશ્ય જોઈએ

વળી આપણે તો ગુણ અને ગુણીનો અભેદ પણ માનીએ છીએ

ગુણ જોયો એટલે ગુણી જોયો! અર્થાત આપણે જ્યાં કોઈનો ગુણ જોયો કે એનો આત્મા જ જોયો! પ્રતિપળ આત્મદર્શન કરવાનો આ કેવો સરળ, સચોટ અને સરસ પ્રયોગ છે! જીવો વચ્ચે પરસ્પર નિસ્વાર્થ સ્નેહ, સહૃદયતા અને મૈત્રીની પ્રતિષ્ઠા કરવાનો આ કેવો સુંદર ઉપાય છે!

પ્રથમ ○ બીજાના ગુણો જ જોવાની ટેવ પાડો।

○ એ માટે બીજાના ગુણો જ જોવાનો વિચાર કરો।

○ પ્રત્યેક જીવમાં કોઈ ને કોઈ વિશિષ્ટ ગુણ રહેલા જ હોય છે
તે શોધો પ્રથમ

○ બીજા જીવ તમારા દોષ જુએ, તો પણ તમે તેના દોષ ન જુઓ

○ બીજાના દોષ દેખાય ત્યારે તો જુઓ ન અને મનમાંથી કાઢી દઈ
એના ગુણ ને જ જુઓ

○ આત્મકલ્યાણના આ અપૂર્વ ઉપાય દ્વારા તમારું કલ્યાણ સાધો

તારા દોષ તું જો

તું આ [illegible]ને કઈ દૃષ્ટિથી જુએ છે. એના પર તારા ચિત્તસુખનો આધાર છે.

તું દુઃખી છે? તો તારી દૃષ્ટિનું તું સંશોધન કર! "દોષ તો કોઈ [illegible] ભર્યો હોય.. પ્રાયઃ તો હશે જ! તો તેને બહાર ખેંચી કાઢ. હૃદયમાં જામી ગયેલા દુઃખના હીમાદ્રિ ઓગળી જશે...

તારી જાતને જ્યાં સુધી સુધારવાનો પ્રયોગ ચાલે ત્યાં સુધી તું જગતના કોઈ જીવના દોષ ન જોઈશ. દોષ જોવાનો અખતરો ન કરીશ. બીજાના દોષ જોવા પૂર્વે તું નિર્દોષ બની જા.

જગતના ઘણા જીવો બીજાના દોષ જોવાનું કામ કરી રહ્યા છે. તું એ કામ ન કરે તો ચાલી શકશે. અરે! તારા દોષ જોનારના પણ તારે દોષ જોવાની જરૂર નથી.

તું તારા પોતાના જ દોષો જોઈ શકે નહિ, જોઈને દૂર ન કરી શકે, ત્યાં સુધી બીજાના દોષ જોવાની આદત તને દુઃખના જ્વાળામુખીમાં ધકેલી દેશે.

દોષદૃષ્ટિ

જેના પ્રત્યે તારે અનુરાગ ટકાવવો છે, તેના દોષ ન જોઈશ તેના દોષ ન જોઈશ એના દોષ તું સાંભળીશ પણ નહિ. દોષદર્શન દ્વેષજનક છે.

જ્યાં તું એમના દોષ જોવા માંડીશ, ત્યાં એમના પ્રત્યે તારા ચિત્તમાં અણગમો જાગવા માંડશે. અપ્રીતિ પ્રગટ થશે. એમના પ્રત્યે તું દ્વેષ ધરનારો બની જઈશ.

એમાં એમને તો નુકસાન થશે ત્યારે થશે, પરંતુ તને તો તુરત જ નુકસાન થશે! તારું ચિત્ત ઉદ્વિગ્ન બનશે.. અપ્રસન્ન બનશે.

બીજાઓ ભલે તારા દોષ જુએ, તારા દોષ જોનારાના તું પણ દોષ જોવા માંડીશ તો પછી બીજાઓમાં અને તારામાં શું તફાવત રહેશે?

પછી એમને ગુનેગાર કહેવાનો તને અધિકાર નથી. દોષદર્શનનો ભયંકર રોગ વ્યાપક બનતો જાય છે. એ રોગમાં સેંકડો સાધકો પીડાઈ રહ્યા છે. એમાં તું ન સપડાઈ જાય માટે જાગ્રત રહેજે.

પરના ગુણદોષમાં, તારા ચિત્તને જતું રોક.

પરદુ:ખપરિહાર

તારા સુખની ખાતર તું કોઈને દુઃખ આપતો નથી ને? તારે સમજવું જોઈએ કે તને જેમ દુઃખ પ્રિય નથી તેમ કોઈ જીવને દુઃખ પ્રિય નથી, તો તારાથી બીજા જીવને દુઃખ કેમ આપી શકાય?

તો પછી તને પ્રશ્ન ઉઠશે કે બીજાને દુઃખ આપ્યા વગર સુખી જીવન જીવી શકાય ખરુ? હા! કોઈને ય દુઃખ આપ્યા વગર પરમ સુખી જીવન જીવવાનો માર્ગ પરમ કૃપાળુ પરમાત્માએ બતાવેલો છે

હવે અમારો તને પ્રશ્ન છે કે તારે એવું જીવન જીવવું છે ખરું?

કરુણા

તારા હાથે કોઈ જીવને પીડા થઈ, દુઃખ થયુ કે મૃત્યુ થયુ એ જોઈને તારા દિલમાં શું વિચાર આવે છે?

'અહો, મને પાપ લાગ્યું ભવાંતરમા મારે એ પાપનું ફળ ભોગવવું પડશે માટે લાવ પ્રાયશ્ચિત કરી લઉં.' જો સાધુજીવનની ભૂમિકાએ તને આવો વિચાર આવે, તેની આગળ કોઈજ બીજો વિચાર ન આવે તો ઘણુ જ શોચનીય ગણાય

તારા હાથે અજાણતાં જીવને પીડા થઈ, દુઃખ થયું કે મોત થયુ, એ જોઈને તારા દિલમા અરેરાટી. ધ્રુજારી આવી જવી જોઈએ

'અહો, મારા પ્રમાદથી આ જીવને દુઃખ થયું, પીડા થઈ.' એ જીવના દુઃખે દુઃખી થઈ જવાની, એ જીવની પીડાએ પિડીત થઈ જવાની ભૂમિકા પ્રાપ્ત કરવી જોઈએ તને દુઃખ તારા પાપના કારણે આવનારા દુઃખના ભયથી નહિ, પરતુ સામા જીવની પીડાના કારણે લાગવું જોઈએ

અવિનીત પ્રત્યે

અવિનીતના અવિનય [illegible] તેને તો લાભ જ છે. [illegible]
[illegible] ના [illegible] કઇ તેઓ વિનીત નથી થવાના [illegible]
[illegible] પાલન [illegible] જ આર છે કે તેના આવપણના [illegible]
[illegible] અને જીવ [illegible] માર્ગમાં આવી જાય [illegible]
[illegible] ના [illegible] જીવ [illegible] જ [illegible]
[illegible] પ્રાપ્ત [illegible] સ્વાભાવિક [illegible] અવિનીતના [illegible]
[illegible] જીવ પ્રત્યે [illegible] કંઇ [illegible] ના [illegible] છે
તેમનાં [illegible] નિમિત્ત બને
[illegible] તેમના પ્રત્યે ઉદાસીનતા [illegible] વિનાયા [illegible]
ના. પ્રથમ સુખ [illegible] પ્રથમ સુખ [illegible] જ [illegible]
[illegible] વિના [illegible] છે પ્રથમ સુખ [illegible] નહીં.

જગત પ્રત્યે દૃષ્ટિ

[illegible] અવિનય [illegible] તથા [illegible]
જીવ શું થાના વિચાર [illegible] છે?
[illegible] મનુષ્યના [illegible] અવસાન [illegible] દૃષ્ટિ
[illegible] છે? [illegible] દૃષ્ટિ [illegible] છે
[illegible] નથી [illegible] પ્રતિ [illegible] દૃષ્ટિ
[illegible]
"[illegible]" [illegible] છે
[illegible] વિચાર [illegible] ના [illegible]
[illegible] પ્રમાણ [illegible] છે [illegible]
[illegible] છે [illegible] ના [illegible] -
[illegible] છે [illegible] ના [illegible] ના.

[illegible]

એક દિવસ એવો હતો કે એ તને ચાહતા હતા અને એના પ્રત્યે આગ્રહભાવવાળા હતા. આજે એ તારા પ્રત્યે આગ્રહભાવવાળા બન્યા છે અને એને ચાહી રહ્યા છે! હવે તું એમના સ્નેહને મેળવવા માટે શાને ખેદ કરે છે? ક્ષણમાં રાગી ને ક્ષણમાં વિરાગી બનતા એવા એમની પાછળ શા માટે કલેશ અનુભવે છે? જગતની આવી જ રીત—રસમો છે! તું બીજાના રાગદ્વેષનો વિચાર કર્યા વિના તારા રાગદ્વેષને ઘટાડવાનો પુરુષાર્થ કર.

